આણંદ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ : પેટલાદ-સોજીત્રામાં ધોધમાર પડતાં રસ્તાઓ બન્યા નદીઓ

આણંદમાં લાંબા સમય બાદ મેઘરાજાનું આગમન થતાં જગતના તાત હરખાયા

અસહ્ય ઉકળાટ વચ્ચે ઠંડક પ્રસરતા જનજીવન પ્રભાવિત છતાં હરખાયું

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદમાં લાંબા વિરામ અને આકરા તાપ બાદ અંતે શહેર સહિત સમગ્ર જિલ્લા પર મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવ્યું છે. શુક્રવાર સાંજથી જ આકાશમાં કાળાડિબાંગ વાદળોના ગડગડાટ સાથે પ્રકૃતિએ રૌદ્ર અને રમણીય સ્વરૂપ ધારણ કર્યું હતું. સાંજે ૬ વાગ્યાની આસપાસ શરૂ થયેલી વરસાદની ધડબડાટીએ જોતજોતામાં સમગ્ર પંથકને ઘમરોળી નાખ્યો હતો, જેના કારણે છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં સરેરાશ ૧૩૫ મિમી વરસાદ નોંધાયો છે.

આણંદ જિલ્લામાં મોડે મોડે પણ મેઘો મંડાતા ગરમીથી અકળાયેલા લોકોને રાહત તો મળી છે, પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા વહીવટી તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી ગઈ છે. શહેરના મુખ્ય માર્ગો પર જાણે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા અને અનેક સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. ઓફિસથી પરત ફરી રહેલા વાહનચાલકો રસ્તામાં જ અટવાયા હતા અને

અનેક દ્વિચક્રી વાહનો બંધ પડી જતાં લોકોને વાહનો ધકેલવાની નોબત આવી હતી.

ચાલુ વર્ષે ચોમાસાની સીઝનનો કુલ વરસાદ હવે ૯૧૦ મીમીએ પહોંચ્યો છે. આ વરસાદ ગ્રામ્ય વિસ્તારો અને ધરતીપુત્રો માટે આકાશી અમૃત સાબિત થયો છે. ખાસ કરીને ડાંગર સહિતના ચોમાસુ પાક માટે આ વરસાદ 'સંજીવની' સમાન માનવામાં આવી રહ્યો છે, જે કૃષિ ક્ષેત્રે નવી આશા જન્માવશે. આગામી બે દિવસ જિલ્લામાં ભારે વરસાદની કોઈ સંભાવના નથી, પરંતુ આકાશ વાદળછાયું રહેશે અને હળવાથી સામાન્ય ઝાપટાં પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

ક્યાં તાલુકામાં કેટલો વરસાદ ?

તાલુકો	વરસાદ
પેટલાદ	૫૨ મિમી
સોજીત્રા	૫૦ મિમી
આણંદ	૧૭ મિમી
તારાપુર	૦૬ મિમી
ખંભાત	૦૪ મિમી
બોરસદ	૦૪ મિમી
ઉમરેઠ	૦૨ મિમી

તલાટીઓના આંદોલનને કારણે ગ્રામ્ય વિસ્તારોના કામો અટવાયાં

બોરસદમાં તલાટી દ્વારા કામના બહિષ્કારથી અરજદારો પરેશાન

જરૂર સમયે જ દાખલા ન મળતાં વિદ્યાર્થીઓ અને ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા

(પ્રતિનિધિ) બોરસદ તા ૧૮

બોરસદ તાલુકામાં રેવન્યુ વિભાગની કામગીરી પંચાયતના તલાટી કમ મંત્રીઓને સોંપવાના સરકારી આદેશ સામે સમગ્ર રાજયમાં તમામ ગ્રામ પંચાયતોના તલાટી સંગઠન દ્વારા મોરચો મંડાયો છે. તલાટીઓએ પંચાયત અને ગ્રામ વિકાસ સિવાયની તમામ મહેસુલી કામગીરીનો બહિષ્કાર કરતાં ૫૨ જેટલા મુદ્દાની કામગીરી અટકી પડી છે.

આ અંગે અરજદારો દ્વારા મુશ્કેલીઓ અંગે રજૂઆત કરાઈ છે. તો અધિકારીઓ દ્વારા વહેલી તકે ઉકેલ આવશે તેવી હૈયાધારણા આપી છે. બીજી તરફ, મહેસુલી તલાટીઓની અગાઉ બદલી અને બઢતી થવાથી અછત સર્જાતાં સામાન્ય જનતાને કચેરીઓના ધરમધક્કા ખાવા પડી રહ્યા છે

તલાટીઓના આંદોલનને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં જાતિ-આવકના દાખલા, વારસાઈ નોંધ, પેઢીનામું તેમજ સાત બાર અને ૪અ ઉતારા જેવા મહત્વના કામો અટકી ગયા છે. હાલ શાળા-કોલેજોમાં શિષ્યવૃત્તિ માટેની પ્રક્રિયા ચાલી રહી હોવાથી વિદ્યાર્થીઓને તાત્કાલિક દાખલાની જરૂર છે. પરંતુ કામગીરી બંધ હોવાથી વાલીઓ ચિંતામાં છે.

જોકે સરકારી તંત્ર દ્વારા જનહિતમાં તલાટીઓને મૌખિક સૂચના આપી હોવાનું જણાવ્યું છે. જોકે તાલુકા તલાટી મંડળ પણ મક્કમ છે કે રાજ્ય મંડળની સૂચના મુજબ માંગણીઓ ન સંતોષાય ત્યાં સુધી બહિષ્કાર યથાવત રહેશે. પંચાયત અને ગ્રામ વિકાસ સિવાયની તમામ મહેસુલી કામગીરીનો બહિષ્કાર કરતાં કામગીરી અટકી પડી છે.જેથી હાલની વિકટ પરિસ્થિતિ મામલે તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે.

આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તલાટીઓ દ્વારા રેવન્યુ કામનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. જેની સીધી અસર ગ્રામ્ય પ્રજાજનો પર પડી રહી છે. કેટલાક કામો માટે તાલુકા કક્ષાએ ધક્કા ખાવા પડી રહ્યાં છે.

આણંદમાં ક્વિક રિસ્પોન્સ ટીમની રચના કરવામાં આવી

પૂર્વ અને પશ્ચિમ ઝોન મુજબ અધિકારીઓને મહત્વની જવાબદારી સોંપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

ચોમાસાની ઋતુમાં સંભવિત ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે ઉભી થતી આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા ખાસ 'ક્વિક રિસ્પોન્સ ટીમ' કાર્યરત કરવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપા દ્વારા દ્વારા સમગ્ર વિસ્તારને બે મુખ્ય ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં પૂર્વ ઝોનમાં આણંદ, ગામડી, જીટોડીયા અને મોગરી અને પશ્ચિમ ઝોનમાં વિદ્યાનગર, કરમસદ, બાકરોલ અને લાંભવેલનો સમાવેશ કરાયો છે. આ ટીમો મુખ્યત્વે વરસાદી પાણીના નિકાલ, રસ્તા પર પડેલા ખાડા પૂરવા, અને બ્લોક થયેલા રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી કરશે. આ ઉપરાંત, સ્ટોર્મ ડ્રેનેજ અને ગટર સફાઈ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ભારે પવનને કારણે ધરાશાયી થયેલા ઝાડ કે ડાળીઓને હટાવવા માટે ફાયર વિભાગના સ્ટાફને પણ આ ટીમ સાથે સાંકળવામાં આવ્યો છે.

આણંદ શહેરમાં વરસાદી માહોલમાં વીજળી અને પીવાના પાણીની સુવિધા ખોરવાય નહીં તે માટે પણ ખાસ આયોજન કરાયું છે. બંધ થયેલી સ્ટ્રીટ લાઈટો અને પાણીની લાઈનોમાં લીકેજનું તાત્કાલિક સમારકામ કરવાની જવાબદારી સંબંધિત અધિકારીઓને સોંપાઈ છે. તમામ ટીમો પરસ્પર સંકલનમાં રહી ચોવીસ કલાક કાર્યરત રહેશે.

નડિયાદના કુખ્યાત ભૂમાફિયા ભાનુ ભરવાડ અને પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો

બિલોદરાની નિર્મલનગર સોસાયટીના કોમન પર ભૂમાફિયાએ કેબિનો બાંધી

અરજદારને જાનથી મારી નાખવાની ધમકી આપતા ફફડાટ

કલેક્ટરના આદેશથી પોલીસની કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

નડિયાદ અને ખેડા પંથકમાં દાયકાઓથી આતંક મચાવનાર કુખ્યાત ભૂમાફિયા ભાનુ જોધા ભરવાડ અને તેના પુત્ર રાજેશ ઉર્ફે નવઘણ ભરવાડ વિરુદ્ધ બિલોદરામાં જમીન પચાવી પાડવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. નિર્મલનગર સોસાયટીનો કોમન પ્લોટ પચાવી પાડી ત્યાં ગેરકાયદે કેબિનો બનાવી ભાડે આપવા તેમજ અરજદારને જાનથી મારી નાખવાની ધમકી આપવા મામલે જિલ્લા કલેક્ટરના સીધા આદેશથી આ કાર્યવાહી કરવામાં આવી છે.

નડિયાદના બિલોદરાના ખેડૂત વસંતભાઈ સોઢાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, નિર્મલનગર સોસાયટીનો રહીશોનો સહિયારો કોમન પ્લોટ ભાનુ અને નવઘણ ભરવાડે વર્ષ 2009 થી દબાવી રાખ્યો હતો. અહીં ગેરકાયદે કેબિનો બનાવી આર્થિક ઉપાર્જન શરૂ કર્યું હતું અને પાછળના ભાગે જેસીબી તથા ડમ્પર જેવા ભારે વાહનો ખડકી દીધા હતા. આ અંગે કલેક્ટર કચેરીમાં રજૂઆત કરવામાં આવતા, પિતા-પુત્રએ અરજદારને ગણેશ ચોકડી પાસે આંતરીને ટાંટિયા ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મહેસૂલ વિભાગની તપાસમાં જમીન પચાવી પાડી હોવાનું ફલિત થતા કલેક્ટરે 16 જુલાઈ 2026 ના રોજ ગુનો નોંધવા આદેશ કર્યો હતો. જે અન્વયે નડિયાદ રૂરલ પોલીસે 18 જુલાઈના રોજ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક વિમલકુમાર બાજપાઈને સોંપી છે. ઉલ્લેખનીય છે કે, કૂખ્યાત ભાનુ ભરવાડ સામે અગાઉ પણ ગુના દાખલ થયાં છે. જેને પગલે કડક કાર્યવાહીની માગ ઉઠી છે.

૯૯ લાખની વીજચોરીમાં પણ સંડોવણી

ભાનુ ભરવાડે અગાઉ બિલોદરા જેલ પાસેની પોતાની આઈસ ફેક્ટરીમાં સીધો કેબલ જોડીને 78 કિલોવોલ્ટની વીજચોરી કરી હતી. વિજિલન્સના દરોડામાં આ નેટવર્ક પકડાતા તેને રૂ. 99.51 લાખનો તોતિંગ દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત સરકારી જમીન પર બનાવેલી ગેરકાયદે દુકાનો તંત્ર દ્વારા અડધી તોડવામાં આવી હતી, જેનો લાભ લઈ ભાનુ ભરવાડે ફરીથી ત્યાં દુકાનો ચણી લીધી હતી અને તેને ભાડે આપી દીધી હોવાનું પણ બહાર આવ્યું છે.

ખંભાતમાં ચાલતો જુગારનો અડ્ડો પકડાયો, ૩ની ધરપકડ

રોકડ અને વાહનો સહિત રૂ. ૨.૪૧ લાખનો મુદ્દામાલ સાથે

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૮

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચ પોલીસની ટીમે બાતમીના આધારે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા નગરા ગામની ચીભરાણા સીમમાં દરોડો પાડી ખેતરમાં ચાલતા એક મોટા જુગારનો અડ્ડાનો પર્દાફાશ કર્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, નગરાનો હર્ષદ ઉર્ફે ભીખો ચૌહાણ પોતાના ઘરની પાછળ આવેલા ખુલ્લા ખેતરમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતો હોવાની બાતમી મળી હતી. આથી પોલીસે ગત શુક્રવારે સાંજે ૪:૧૫ વાગ્યાના અરસામાં ઈંટોના ભઠ્ઠા પાછળ આવેલા ખેતરમાં છાપો માર્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, જેમાં પોલીસે ઘેરો ઘાલીને હસમુખભાઈ ભીખાભાઈ પરમાર (રહે. હરીયાણ), વિષ્ણુભાઈ છગનભાઈ પઢીયાર (રહે. રાલજ) અને નગીનભાઈ મણીભાઈ સોલંકી (રહે. મોભા) ને ઝડપી લીધા હતા અને સ્થળ પરથી રૂ. ૧૬,૫૮૦/- ની રોકડ રકમ કબજે કરી હતી. આ ઉપરાંત, જુગારીઓ જે વાહનો મૂકીને ભાગી ગયા હતા, તેમાં રીક્ષા અને ૫ મોટરસાયકલ મળી કુલ રૂ. ૨,૪૧,૫૮૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ રેડ દરમિયાન મુખ્ય સૂત્રધાર હર્ષદ ઉર્ફે ભીખો હાજર મળી આવ્યો ન હતો. ખંભાત રૂરલ પોલીસે તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી છે.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની શિસ્તભંગ સામે લાલ આંખ

સરદાર પટેલ યુનિ.ના અંગ્રેજીના પ્રોફેસરને ૧૦ દિ'ની મુદત આપી

આઈસીસી રિપોર્ટ પર ગંભીર ચર્ચા બાદ રજૂઆત માટે અંતિમ તક અપાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

સરદાર પટેલ યુનિવર્સિટીની ૨૨મી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં શૈક્ષણિક કાર્યની સાથે યુનિવર્સિટીની શિસ્ત જાળવવા બાબતે અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે. કુલપતિની અધ્યક્ષતામાં મળેલી આ સભામાં પરીક્ષામાં થતી ગેરરીતિઓ અને પ્રોફેસર સામેની આંતરિક ફરિયાદ જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર ગંભીરતાથી ચર્ચા કરી તાકીદે કાર્યવાહી કરવાના આદેશો આપવામાં આવ્યા છે.

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની પવિત્રતા જાળવવા માટે મેલપ્રેક્ટિસ ઈન્ક્વાયરી કમિટીની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ ગેરરીતિના કિસ્સાઓમાં કરેલી ભલામણોની કાર્યનોંધને કુલપતિશ્રીએ સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ અંગેનું જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે આગામી સમયમાં પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કરનાર વિદ્યાર્થી કે અન્ય તત્વો સામે યુનિવર્સિટી જરાય નમતું જોખશે નહીં.

એસપી યુનિવર્સિટીના અનુસ્નાતક અંગ્રેજી વિભાગના પ્રોફેસર ડો. પારૂલ પોપટ દ્વારા કરવામાં આવેલી ફરિયાદના મામલે પણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ મામલે ઈન્ટરનલ કમ્પ્લેઈન કમીટી (ICC) દ્વારા સોંપવામાં આવેલા તપાસ અહેવાલને સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ ૧૦ દિવસની મહોલત સભામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે, સામા પક્ષના ડો. મનીષભાઈ સોલંકીને સમિતિના અહેવાલ સામે પોતાનો પક્ષ રાખવાની તક આપવામાં આવશે. તેઓને આગામી ૧૦ દિવસની અંદર પોતાની રજૂઆત કરવા માટે સમય અપાયો છે, ત્યારબાદ યુનિવર્સિટીના નિયમોનુસાર આખરી નિર્ણય લેવામાં આવશે.

સોખડા : સરકારી જમીનનો બારોબાર વહીવટ થઈ ગયો

અમદાવાદી વેપારી સાથે 60 લાખની છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

માતર તાલુકાના સોખડા ગામની સીમમાં સરકાર દ્વારા સંપાદિત કરવામાં આવેલી જમીનનો ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી અમદાવાદના એક બાંધકામ વેપારી સાથે 60 લાખ રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

અમદાવાદના ફતેહવાડી વિસ્તારમાં રહેતા વેપારી ઝાકીરભાઈ સંઘરીયાતને સોખડાની સીમમાં આવેલ સર્વે નંબર 548 વાળી જમીન વેચાણ લેવા માટે જમીન દલાલ મારફતે સંપર્ક થયો હતો. જમીનના મૂળ માલિક અશોકભાઈ મગનભાઈ પરમાર અને ગોબલેજના સીરાજોદ્દીન સૈયદ તથા તેમના પુત્ર આમીરમીયાંએ વેપારીને વિશ્વાસમાં લીધા હતા. જમીન પેટે કુલ 60 લાખ રૂપિયા (48.8 લાખ રોકડા અને બાકીના ચેકથી) પડાવી લઈને વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો.

જ્યારે વેપારીએ આ દસ્તાવેજના આધારે મહેસૂલી રેકોર્ડમાં નામ ચઢાવવાની પ્રક્રિયા હાથ ધરી, ત્યારે વાંધા અરજીઓ આવતા એન્ટ્રી નામંજૂર થઈ હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે, આ જમીન તો વર્ષો પહેલા રોડ બનાવવા માટે સરકારમાં સંપાદિત થઈ ચૂકી છે અને સ્થળ પર તેનું કોઈ અસ્તિત્વ જ નથી.

વાસ્તવમાં, આ બ્લોકની કેટલીક જમીન સરકારમાં ગઈ હતી અને બાકી રહેતી જમીન વર્ષ 2007માં અન્ય વ્યક્તિને વેચી દેવામાં આવી હતી. આમ, મૂળ માલિક પાસે કોઈ જમીન બચી ન હતી, આ મામલે માતર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

રસોઈ આવડતી નથી કહી અપાતા મેણાંટોણાં મારતાં હતાં

સાસરિયાના ત્રાસથી પરિણીતાએ બે સંતાનો સાથે જીવન ટુંકાવ્યું

કેનાલમાંથી ત્રણેયના મૃતદેહ મળતા સમગ્ર પંથકમાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

મહુધા તાલુકાના મહીસા ગામમાં સાસરિયા પક્ષના શારીરિક અને માનસિક ત્રાસની પરાકાષ્ઠા સમાન એક અત્યંત કરૂણ ઘટના બની છે. રસોઈ બનાવતા આવડતું નથી તેમ કહી સતત અપાતા મેણાંટોણાં અને પતિ દ્વારા કરવામાં આવતી મારઝૂડથી કંટાળીને ૨૭ વર્ષીય પરિણીતાએ પોતાના બે માસૂમ સંતાનો સાથે નર્મદા કેનાલમાં કૂદીને આત્મહત્યા કરી લીધી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે રોષ વ્યાપી ગયો છે.

મહીસાના દેસાઈ વાસમાં રહેતી ભાવના ઉર્ફે ભુરીના લગ્ન વર્ષ ૨૦૧૫માં હિમાંશુકુમાર ચૌહાણ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ૬ વર્ષનો પુત્ર પિયુષ અને ૪ વર્ષની પુત્રી યમુના હતા. આરોપ છે કે છેલ્લા સાત વર્ષથી સાસરિયાઓ દ્વારા તેને 'તને રસોઈ આવડતી નથી' તેમ કહી ત્રાસ આપવામાં આવતો હતો. પતિ પણ બીજી પત્ની લાવવાની ધમકી આપી અવારનવાર મારઝૂડ કરતો હતો. અગાઉ મહિલા પોલીસમાં ફરિયાદ બાદ સમાધાન થયું હતું, પરંતુ ત્રાસ ચાલુ રહેતા અંતે પરિણીતાએ ૧૪મી જુલાઈના રોજ ફતીયાવાદ ગામની સીમમાં કેનાલમાં બાળકો સાથે મોતની છલાંગ લગાવી હતી. કેનાલના ધસમસતા પાણીમાં શોધખોળ દરમિયાન ૧૫મી જુલાઈએ પુત્ર પિયુષની અને ૧૬ જુલાઈએ પુત્રી યમુના તેમજ પરિણીતા ભાવનાની લાશ મળી આવી હતી. ત્રણેયના મૃતદેહનું પીએમ કરાવી અંતિમ સંસ્કાર પિયર પક્ષના ગામે કરવામાં આવ્યા હતા. આ મામલે મૃતક પરિણીતાના પાલક પિતા જુવાનસિંહ પરમારે મહુધા પોલીસ સ્ટેશનમાં પતિ સહિતના સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઢુંડાકુવામાં દીકરીઓના શિક્ષણ માટે ૪૨ સાઈકલની સખાવત

એનઆરઆઈ દાતાના સહયોગથી વિદ્યાર્થિનીઓને સાયકલ વિતરણ

(પ્રતિનિધિ) બોરસદ તા ૧૮

બોરસદ તાલુકાના ઢુંડાકુવા ગામે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપતો અને સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવતો એક પ્રેરણાદાયી સાઈકલ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી વડેકમાતાના પવિત્ર સાનિધ્યમાં એસ.વી.કે. ફાઉન્ડેશનના ઉપક્રમે ગામની ૪૨ દીકરીઓને સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દાતા સીતુલકુમાર ગજેન્દ્રભાઈ પટેલ (કેનેડા) અને સમીરકુમાર ગજેન્દ્રભાઈ પટેલ (યુ.એસ.એ.)ના આર્થિક સહયોગથી યોજાયો હતો. બંને દાતાઓએ વિદેશમાં વસવાટ કરતાં હોવા છતાં પોતાના વતન અને શિક્ષણ પ્રત્યેની લાગણી વ્યક્ત કરીને દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

કાર્યક્રમનો મુખ્ય હેતુ ઢુંડાકુવા ગામમાંથી બહારગામ આવેલી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ માટે જતી તેમજ વડેકનગર અને તાડપુરાથી ઢુંડાકુવા ભણવા આવતી વિદ્યાર્થિનીઓને સરળ અને સુરક્ષિત પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો હતો. સાયકલ મળવાથી દીકરીઓનો સમય બચશે, નિયમિત શાળાએ હાજરી આપી શકશે અને ઉચ્ચ શિક્ષણ તરફ વધુ આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકશે.

એસ.વી.કે. ફાઉન્ડેશનના પ્રમુખ નરેશભાઈ તથા ટ્રસ્ટીગણ રતિલાલભાઈ, રાજેશભાઈ, નરેન્દ્રસિંહ, અમિતભાઈ, રજનીકાંતભાઈ અને તુષારભાઈની ઉપસ્થિતિમાં વિદ્યાર્થિનીઓને સાયકલો અર્પણ કરવામાં આવી હતી.

ગ્રામજનો અને વાલીઓએ દાતા પરિવારની ઉદારતાને બિરદાવી હતી. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપતી સેવાભાવી પહેલ દીકરીઓના શિક્ષણનો માર્ગ સરળ બનાવવા સાથે સાથે સમાજને દીકરી ભણશે તો સમાજ આગળ વધશે નો પ્રેરણાદાયી સંદેશ પણ આપ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225